## વડીલોને વંદન અભિનંદન



પ્રિયવદન રમણલાલ શાહ
(૧૯૪૬)ફોન:૨૩૨૨૩૪૪૪



બાબુલાલ મંગાજી વણઝારા
(૧૯૪૦) ફોન : ૨૩૨૨૬૬૨૩



વસંતબેન સુરેશચંદ્ર ભટ્ટ
(૧૯૪૫) ફોન : ૨૩૨૨૬૨૫૧

# આતંકવાદી હુમલાથી વિશ્વ સ્તબ્ધ

## મોદીએ હુમલાને કાયરતાપૂર્વકનું કૃત્ય ગણાવ્યું : આતંકવાદ સામે ઓપરેશન હાથ ધરાયું છે જેથી કિંમત ચુકવવી પડી છે : નવાઝ શરીફ : અમેરિકા પણ હચમચ્યું

પેશાવર,તા. ૧૬

પાકિસ્તાનના પેશાવરમાં આર્મી સ્કૂલમાં આતંકવાદીઓએ ભીષણ હુમલો કર્યા બાદ સમગ્ર વિશ્વ હચમચી ઉઠ્યું છે. ભારત અને અમેરિકા સહિતના દેશોએ આ હુમલાને વખોડી કાઢીને ત્રાસવાદ સામેની લડાઈને વધુ અસરકારકરીતે લડવાની અપીલ કરી છે. આતંકવાદી હુમલા અંગે વાત કરતા પાકિસ્તાની વડાપ્રધાન નવાઝ શરીફે કહ્યું હતું કે, આતંકવાદીઓએ સાબિતી આપી છે કે, તેઓએ કાયરતાપૂર્વકનું કૃત્ય કરી રહ્યા છે. સ્કૂલ ઉપર હુમલો કરીને તેમની નબળાઈ સ્પષ્ટપણે ક્ષતિ થઈ છે. સ્કૂલી બાળકોની હત્યા માત્ર તેમના માતા-પિતા માટે જ ન ભરી શકાય તેવું નુકસાન નથી બલ્કે અંગત નુકસાન પણ છે. કારણ કે તેઓ બાળકો હતા. પાકિસ્તાની વડાપ્રધાને કહ્યું છે કે, પાકિસ્તાની સ્કૂલમાં આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલો હુમલો રાષ્ટ્રીય બનાવ તરીકે છે. આતંકવાદ સામેની લડાઈ રોકાશે નહીં. આતંકવાદીઓના સકંજામાંથી દેશને મુક્ત કરાવવામાં આવશે. નવાઝ શરીફે ઉમેર્યું હતું કે, પાકિસ્તાની સેના ઉત્તરીય વજીરિસ્તાનમાં ત્રાસવાદીઓનો ખાત્મો બોલાવવા ઓપરેશન જરબેઅજબ શરૂ કરી ચુકી છે જેના પરિણામ સ્વરુપે દેશને આવા હુમલાઓનો સામનો કરવો પડી રહ્યો છે.

આવા હુમલાઓ યુદ્ધના અનુસંધાનમાં અપેક્ષિત છે. દેશે તેની તાકાત ગુમાવવી જોઈએ નહીં. તેમણે એમ પણ કહ્યું હતું કે, અફઘાનિસ્તાન સાથે પણ આ મુદ્દે વાતચીત થઈ છે. ત્રાસવાદી સાથેની લડાઈને સાથે મળીને લડવામાં આવશે. પાકિસ્તાની વડાપ્રધાન ઉપરાંત વિશ્વના દેશોએ આ હુમલા અંગે કઠોર પ્રતિક્રિયા આપી છે. ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ હુમલાને વખોડી કાઢીને આને કાયરતાપૂર્વકનું કૃત્ય ગણાવ્યું છે. સાથે સાથે માસૂમ બાળકોના મોત બાદ પરિવાર પ્રત્યે સહાનુભુતિ વ્યક્ત કરી છે. અમેરિકાએ પોતાની પ્રતિક્રિયા આપી છે. ભારતના ગૃહપ્રધાન રાજનાથસિંહે હુમલાને વખોડી કાઢીને કહ્યું છે કે, ત્રાસવાદીઓનો વાસ્તવિક ચહેરો આ અમાનવીય હુમલાથી ખુલ્લો પડી ગયો છે. પાકિસ્તાન તહેરિકે ઈન્સાફના ચેરમેન ઈમરાન ખાને હુમલાને વખોડી કાઢીને આને અમાનવીય ગણાવ્યું છે. ઈમરાને રાષ્ટ્રવ્યાપી વિરોધ કાર્યક્રમને મોકૂફ રાખવાની જાહેરાત કરી છે.

## રશિયામાં સ્કૂલમાં હુમલામાં ૩૮૫ના મોત થયા હતા

### રશિયન કમાન્ડોએ સ્કૂલમાં ઓપરેશન હાથ ધરીને ૩૧ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતાર્યા હતા : ૨૦૦૪માં બેસલાનમાં થયેલા હુમલાની યાદ તાજી

પેશાવર,તા. ૧૬

પાકિસ્તાનના પેશાવરમાં આર્મી સ્કૂલ ઉપર ભીષણ આતંકવાદી હુમલો આજે કરવામાં આવ્યા બાદ ભૂતકાળમાં આતંકવાદીઓએ અનેક સ્કૂલો અને બાળકોને ટાર્ગેટ બનાવીને કરવામાં આવેલા હુમલાઓની યાદ તાજી થઈ ગઈ હતી. સૌથી વિનાશકારી હુમલો પહેલી સપ્ટેમ્બર ૨૦૦૪ના દિવસે રશિયાના નોર્થ ઓસેન્ટિયા શહેરમાં આવેલી બેસલાન ખાતેની સ્કૂલમાં કરવામાં આવ્યો હતો. આ હુમલામાં ૩૮૫ લોકોના મોત થયા હતા જેમાં ૧૮૬ બાળકોનો પણ સમાવેશ થાય છે. આતંકવાદીઓએ સ્કૂલને ટાર્ગેટ બનાવીને આ હુમલો કર્યો હતો. સ્કૂલમાં આ બાન ઓપરેશન ત્રણ દિવસ સુધી ચાલ્યું હતું. ત્રાસવાદીઓએ ત્રણ દિવસ સુધી ૭૭૭ માસૂમ બાળકો સહિત ૧૧૦૦ને બાનમાં પકડી લીધા હતા. ત્રણ દિવસ સુધી મડાગાઠ ચાલ્યા બાદ રશિયન કમાન્ડોએ આ સ્કૂલી ઈમારત ઉપર કમાન્ડો ઓપરેશન હાથ ધર્યું હતું અને આતંકવાદીઓ સાથે જીવસટોસટનો જંગ ખેલાયો હતો જેમાં તમામ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. આ ઓપરેશનમાં ૩૧ આતંકવાદીઓ માર્યા ગયા હતા જ્યારે એક આતંકવાદીને કમાન્ડોએ જીવતો પકડી લીધો હતો. બેસલાનમાં કરવામાં આવેલા આ હુમલા બાદ આજે પેશાવરમાં કરવામાં આવેલો હુમલો સ્કૂલી બાળકોને ટાર્ગેટ કરીને કરવામાં આવેલો સૌથી પ્રચંડ અને ખૌફનાક હુમલો છે જેમાં છ ત્રાસવાદીઓ સ્કૂલમાં ઘુસી ગયા હતા. આર્મી સ્કૂલમાં ત્રાસવાદીઓએ આતંક મચાવ્યો હતો.

## મલાલા-સત્યાર્થીએ પણ હુમલાને વખોડી કાઢ્યો

પેશાવર,તા. ૧૬

નોબેલ શાંતિ વિજેતા પાકિસ્તાની મૂળની મલાલા યુસુફઝઈએ પણ હુમલાને કઠોર શબ્દોમાં વખોડી કાઢીને કહ્યું છે કે, આ બનાવથી તમામના દિલ તુટી ગયા છે. મલાલાનું કહેવું છે કે, આ ઠંડાકલેજે ત્રાસવાદી કૃત્ય છે. નિર્દોષ બાળકોની હત્યા આ રીતે કરવામાં આવી છે જે ખુબ જ કાયરતાપૂર્વકનું કૃત્ય છે. આવી જ પ્રતિક્રિયા ભારતીય નોબેલ શાંતિ વિજેતા કૈલાશ સત્યાર્થીએ પણ વ્યક્ત કરી છે.

## તહેરીકે તાલિબાન પાકિસ્તાને હુમલાની જવાબદારી સ્વીકારી

### તહેરીકે તાલિબાન પાકિસ્તાને નિવેદન જારી કરીને કહ્યું કે, છ આત્મઘાતી બોંબરોએ હુમલાને અંજામ આપ્યો



નવી દિલ્હી,તા. ૧૫

તાલિબાન સાથે જોડાયેલા તહેરિકે તાલીબાન પાકિસ્તાને આ હુમલાની જવાબદારી સ્વીકારી છે. મિડિયાના જણાવ્યા મુજબ તહેરિકે તાલિબાને મોડેથી હુમલો કર્યા બાદ આની જવાબદારી સ્વીકારી હતી અને કહ્યું હતું કે, પેશાવર આર્મી સ્કૂલ ઉપર ત્રાસવાદી હુમલો ઉત્તરીય વઝિરિસ્તાનમાં પાકિસ્તાન સેનાની કાર્યવાહીનું પરિણામ છે. આ આતંકવાદી સંગઠનના પ્રવક્તાએ દાવો કર્યો હતો કે, છ આત્મઘાતી આતંકવાદીઓએ હુમલો કર્યો હતો. તાલિબાની ત્રાસવાદીઓ દ્વારા ભીષણ હુમલો કરવામાં આવ્યા બાદ ઈન્ટર સર્વિસ પબ્લિક રિલેશનના મેજર જનરલ આસીમ બાજવાએ કહ્યું હતું કે, પાકિસ્તાની સેના વળતી કાર્યવાહી કરી રહી છે. ખેબરમાં આજે ૧૦ હવાઈ હુમલા કરવામાં આવ્યા હતા જેમાં ઘણા ત્રાસવાદીઓ માર્યા ગયા છે. બીજી બાજુ સેનાનું કહેવું છે કે, અમાનવીય હુમલાખોરો સામે કાર્યવાહી જારી રહેશે. તમામ ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારાશે. પાકિસ્તાની સેનાના વડા રાહિલ શરીફ ક્વેટાની યાત્રા ટુંકાવીને પેશાવર પહોંચી ગયા છે.

પાકિસ્તાનમાં જે જગ્યાએ આજે હુમલો કરવામાં આવ્યો છે તે વિસ્તારમાં ઈમરાન ખાનની પાર્ટીનું શાસન છે. ઈમરાન ખાનની પાર્ટી સામે નારાજગીનું મોજુ ફરી વળ્યું છે. ખેબર પખતુનખાવા પ્રાંતમાં ઈમરાનની પાર્ટીનું વલણ હમેશા ત્રાસવાદીઓ પ્રત્યે હળવું રહ્યું છે.

## ફાર્મીસીસ્ટ નોંધણી રીન્યુ પ્રક્રિયા ૩૧મી સુધી થશે

ગાંધીનગર, તા.૧૬

ગુજરાત રાજ્ય ફાર્માસી કાઉન્સિલ દ્વારા તમામ ફાર્માસીસ્ટ જેઓના રજીસ્ટ્રેશનની રીન્યુઅલની મુદત ૩૧મી ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ સમાપ્ત થતી હોય, તેમણે રજીસ્ટ્રેશન રીન્યુ કરાવવા માટે નિયત ફોર્મ સાથે રીન્યુઅલ ફી ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલને તારીખ ૩૧ માર્ચ ૨૦૧૫ સુધીમાં મળી જાય તે રીતે મોકલી આપવાનું રહેશે. આ તારીખ પછી આવેલ ફીના આધારે કોઈપણ ફાર્માસીસ્ટનું રજીસ્ટ્રેશન રીન્યુ થઈ શકશે નહીં. જેમનું રજીસ્ટ્રેશન આ પ્રમાણે રદ થાય તેમણે નિયમાનુસાર રી-એન્ટ્રી કરાવવાની રહેશે. રીન્યુઅલ માટે નિયત ફોર્મ અને ફીસને ૨૦૧૪ સુધીની રીન્યુઅલ રસીદ સાથે તારીખ ૧લી જાન્યુઆરીથી ૩૧ માર્ચ ૨૦૧૫ સુધી સોમવારથી શુક્રવારના રોજ સવારે ૧૧.૦૦થી ૧.૩૦ સુધી સ્વિકારવામાં આવશે એમ રજીસ્ટ્રાર, ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સિલ, અમદાવાદની અખબારી યાદીમાં જણાવાયું છે.

## સ્વચ્છતા મિશનનું ઓનલાઈન મોનીટરિંગનું લોન્ચીંગ

મુખ્યમંત્રી આનંદીબહેન પટેલ સ્વચ્છતા અભિયાનની સર્વગ્રાહી ઓનલાઈન મોનિટરીંગ સિસ્ટમનું બુધવાર તા.૧૭ ડિસેમ્બરે બપોરે સ્વર્ણિમ સંકુલના સાબરમતી હોલમાં લોન્ચીંગ કરશે.





વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી પ્રમુખ બરાક ઓબામાના ફોટા સાથેના પતંગો બજારમાં આવી ગયા છે. ઉત્તરાયણ વેળા આનો ક્રેઝ રહે તેવી શક્યતા છે.

## અપર પ્રાયમરી શાળાઓના દિવસો વધારી ૨૨૫ કરાશે

### શિક્ષણ ઉપર ભારે અસર પડતી હોવાથી નિર્ણય લેવાયો, શૈક્ષણિકકાર્યના દિવસોને ૨૧૪થી વધારી ૨૨૫ કરાયા : રાજયના શિક્ષણ વિભાગે પરિપત્ર જાહેર કર્યો

અમદાવાદ, તા.૧૬

ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક કાર્યનાં દિવસો ઓછા હોવાથી વિદ્યાર્થીઓના શિક્ષણ ઉપર માઠી અસર પડી રહી હોવાનો ખુલાસો નેશરલ એલિમેન્ટ્રી એજયુકેશન ઈન ઈન્ડિયા પ્રોગ્રસ ટાર્યઝ દ્વારા બહાર પડાયેલ રિપોર્ટમાં થયો હતો જેનાં આધારે રાજય સરકારનાં શિક્ષણ વિભાગે આવતા વર્ષથી અપર પ્રાયમરી શાળાનાં શેક્ષણીકાર્યનાં દિવસો ૨૧૪થી વધારીને ૨૨૫ કરવાનો પરિપત્ર બહાર પાડયો છે ભારત સરકારની સંસ્થા એનયુઈપીએ તરફથી તાજેતરમાં બહાર પાડવામાં આવેલા પ્રાથમિક શિક્ષણ ઓને રિપોર્ટ મુખ્ય ગુજરાત રાજયની પ્રાથમિક શાળાઓ દેશમાં આઠમો ક્રમ ધરાવે છે જ્યારે અપર પ્રાયમરી શાળાઓ દેશમાં આઠમો ક્રમ ધરાવે છે જ્યારે અપર પ્રાયમરી શાળાઓ દેશમાં ૬ ક્રમ ધરાવે છે આ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે કે ગુજરાતની પ્રાથમિક શાળાઓને જોડતા રસ્તાઓ વિદ્યાર્થીઓના સ્વાસ્થયની વાર્ષિક ચકાસણી, શાળાઓમાં વર્ગ ખંડની સંખ્યા, એક શિક્ષકવાળી શાળાઓ, પીવાના પાણી, ટોઈલેટની વ્યવસ્થા, કોમ્પ્યુટર, મધ્યાહન ભોજન વગેરે બાબતમાં ગુજરાતની પ્રાથમિક શાળાઓનો દેખાવ ગતવર્ક કરતા સુધર્યો છે જો કે તેમ છતાં ગુજરાતની પ્રાથમિક શાળાઓમાં શૈક્ષણિક કાર્યનાં દિવસો ઓછા હોવાના કારણે વિદ્યાર્થીઓનાં શિક્ષણ ઉપર માઠી અસર પડી રહી છે આ રિપોર્ટ આધારે રાજય સરકારનાં શિક્ષણ વિભાગે એક પરીપત્ર બહાર પાડયો છે જેમાં સ્પેશિયલ વિદ્યાર્થીઓ માટે સ્પેશિયલ સગવડો ઊભી કરવા અપર પ્રાયમરી વિભાગના શૈક્ષણિક કાર્યનાં દિવસોમાં ૧૧ દિવસોનો વધારો કરવા ચાલું વર્ષે આદિવાસી અને મુસ્લીમ વિસ્તારોમાં ખાસ ઝુબેશ હાથ ધરવાનું જણાવવામાં આવ્યુ છે જેથી તેમના અનરોલમેન્ટ વધારે પ્રમાણમાં થાય તેવું જણાવવામાં આવ્યુ છે આ તમામ બબાતોનો અમલ આગામી શૈક્ષણિક વર્ષથી કરવામાં માટે પણ તાકીદ કરવામાં આવી છે શિક્ષાના દિવસો છે તેટલા દિવસો કરવા માટે અપર પ્રાયમરી શિક્ષણનાં દિવસો આવતા વર્ષથી વધારો કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.


## તાપમાનમાં વધારો છતાં ઠંડીનો અનુભવ

### માઉન્ટ આબુમાં તાપમાન શૂન્ય ડિગ્રીની આસપાસ : નલિયામાં સૌથી ઓછું લઘુત્તમ તાપમાન ૫.૮ : કચ્છના વિવિધ ભાગોમાં કોલ્ડવેવ સ્થિતિ યથાવત રહેવા આગાહી

અમદાવાદ,તા. ૧૬

અમદાવાદ સહિત ગુજરાતભરમાં લઘુત્તમ તાપમાનમાં આંશિક વધારો નોંધાયો હોવા છતાં લોકો ઠંડીનો અનુભવ કરી રહ્યા છે. બીજી બાજુ કોલ્ડવેવની સ્થિતિ યથાવતરીતે ચાલુ રહેવાની આગાહી કરવામાં આવી છે. કચ્છના વિવિધ ભાગોમાં કોલ્ડવેવની આગાહી કરવામાં આવી છે. આજે અમદાવાદ શહેરમાં લઘુત્તમ તાપમાન વધીને ૧૦.૫ ડિગ્રી થઈ ગયું હતું જ્યારે પાટનગર ગાંધીનગરમાં તાપમાનમાં ચાર ડિગ્રીનો વધારો થયો હતો અને તાપમાન વધીને ૧૦ ડિગ્રી થયું હતું જે ગઈકાલે છ ડિગ્રી નોંધાયું હતું. અમદાવાદમાં પણ તાપમાનમાં આશરે ત્રણ ડિગ્રીનો વધારો નોંધાયો હતો. સમગ્ર રાજ્યમાં તાપમાનમાં ઉતારચઢાવની સ્થિતિ યથાવત રહી છે. આવતીકાલે પણ અમદાવાદમાં લઘુત્તમ તાપમાનમાં હજુ વધારો થાય તેવી શક્યતા છે. લઘુત્તમ તાપમાન વધીને ૧૨ ડિગ્રીની આસપાસ પહોંચી શકે છે. હવામાન વિભાગનું કહેવું છે કે, આ સ્થિતિ યથાવતરીતે રહેશે. નીચલી સપાટીએ ઠંડા પવનો ફુંકાઈ રહ્યા છે જેની સીધી અસર જોવા મળી શકે છે. તાપમાનમાં ઉલ્લેખનીયરીતે વધારો થયો હોવા છતાં હજુ ઠંડીનો અનુભવ લોકો કરે તેવી શક્યતા છે. ગરમ વસ્ત્રોના વેચાણમાં એકાએક વધારો થઈ ગયો છે. ગરમ વસ્ત્ર બજારમાં ઠંડીના પરિણામ સ્વરુપે વધારો થયો છે. ગરમ વસ્ત્રો ખરીદવા લોકો ઉમટી પડ્યા છે. માસૂમ બાળકો અને મોટી વયના લોકો મિશ્ર તાપમાનના કારણે ઈન્ફેકશનના રોગચાળામાં ગ્રસ્ત થયા છે.

## શબ્દાવલી - ૫૫૯૨





### આડી ચાવી

૧. કમકમાટી (૪)
૪. કંકાશ, કકળાટ (૩)
૬. ખંજવાળ (૩)
૮. ચુડેલ, ડાકણ (૩)
૯. ઉપર ઉપરનો ભપકો સાદાઇ (૪)
૧૧. ઉદાસ, નિરાશ (૩)
૧૨. ઉંધુ (૩)
૧૪. મરઘો, કુકડો (૪)
૧૬. ચોર (૩)
૧૮. મકાન, બંગલો (૨)
૨૦. કર્મ (૩)
૨૧. બોલવું તે, વાચા (૨)

### ઊભી ચાવી

૧. આગ ઓલવનાર (૫)
૨. હાથથી વગાડાતુ તંબુરા જેવું નાનું સાધન (૫)
૩. ટપકુ, નાનો ચાંદલો (૨)
૫. બોજો ઉપાડનાર મજુર(૩)
૭. લાલાશ (૩)
૧૦. મેળો, સંમેલન (૪)
૧૨. સીમંતનો પ્રસંગ (૪)
૧૩. સૂર્ય, રવિ (૩)
૧૫. રઘવાટ (૩)
૧૬. મોકો, લાગ (૨)
૧૭. દારૂની જાત (૨)
૧૯. અધિકાર (૨)

### શબ્દાવલી ૫૫૯૧ના જવાબ

**આડી ચાવી :-** (૧) પલીતો (૪) પરલોક (૬) રખડપટ્ટી (૮) ફોડ (૯) ચકરી (૧૧) ગલાલ (૧૨) રત (૧૪) કોપાયમાન (૧૬) કલમ (૧૮) વેરાવર (૧૯) નરક (૨૧) જાર (૨૨) જાત

**ઊભી ચાવી :-** (૨) પરણેતર (૨) લીખ (૩) તોડફોડ (૪) પટ્ટી (૫) કપરી (૭) પડ (૯) ચલાયમાન (૧૦) કલમા (૧૧) ગપા (૧૩) તકરાર (૧૪) કોમળતા (૧૫) નજાકત (૧૭) લવ (૧૮) વેજા (૨૦) રજા

## જ્હોન કેરી આવશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થોમસ વાજડાએ એવી ખાત્રી આપી હતી કે અમેરિકાની ૫૦૦ જેટલી કંપનીઓના પ્રતિનિધિઓ આ વાયબ્રન્ટ સમિટમાં હાજરી આપશે.

આ વખતે વાયબ્રન્ટ સમિટમાં યુએસએ અને યુકેના બિઝનેસ ડિપ્લોમેટ્સ ઉપરાંત બિઝનેસ ડેલિગેશન્સ આવવાના હોવાથી રાજય સરકારે આ મહેમાનો માટે ઓફિસરોને ડિપ્લોમસીની ટ્રેઈનિંગ આપવાનું પણ નક્કી કર્યુ છે. વિભાગોના ચૂનંદા ઓફિસરોને આ માટે લિસ્ટેડ કર્યા છે. છ વાયબ્રન્ટમાં જે થયું નથી તે આ વાયબ્રન્ટ સમિટમાં કરવામાં આવી રહ્યું છે. પહેલીવાર સમિટની જવાબદારી આનંદીબેન પટેલની કેબિનેટના સભ્યોને સોંપવામાં આવી છે.

ભારતના રાજયોના ૩૪ પૈકી ૨૦ ચીફ મિનિસ્ટર પ્રવાસી ભારતીય દિનની ઉજવણીમાં ભાગ લઈ રહ્યાં છે જેમાં મહારાષ્ટ્રના યુવા મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવિસનો પણ સમાવેશ થાય છે. ત્રણ દિવસનો પ્રવાસી ભારતીય દિવસ ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી અને મહાત્મા મંદિરમાં યોજાવાનો છે, જેમાં મોદી કેબિનેટના મોટાભાગના મંત્રીઓ ઉપસ્થિત રહેશે.

## ટોક ઓફ ધ ટાઉન

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બદલો લેવા તત્પર બનશે તો વધુ એક આંતકવાદી ઘટના અંજામ પામશે. ધાર્મિક કટ્ટરતાવાદમાંથી ઉદ્‌ભવેલો આંતકવાદ હવે સમગ્ર વિશ્વમાં ફેલાઈ રહ્યો છે. જે ખુબ ગંભીર બાબત છે.

પાકિસ્તાનમાં ત્રણ દિવસનો શોક જાહેર કરવામાં આવ્યો છે. જેને સમગ્ર વિશ્વનું સમર્થન છે. પરંતુ પાકિસ્તાનના શાસકો, રાજકારણીઓએ આ ઘટનામાંથી પદાર્થપાઠ લેવાની ચોક્કસ જરૂર છે. તેમણે જે તાલીબાન નામના સાપને દૂધ પીવડાવી મોટો કર્યો છે તે હવે પાકિસ્તાનને જ ભરડામાં લઈ રહ્યો છે. આંતકવાદને પોષવાની કિંમત હવે પાકિસ્તાન ચુકવી રહ્યું તે પણ એટલી જ સ્પષ્ટ વાત છે.

## ટાટ પરીક્ષા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વર્ગ-૧ કક્ષાના અધિકારી અને અન્ય સ્કવોર્ડની ટીમના સભ્યો રાઉન્ડ લેશે. આ ઉપરાંત આગામી તા. ૨૧ ડિસેમ્બરના રોજ પણ બિન સચિવાલય કારકુનની ભરતીને અનુલક્ષી ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા પરીક્ષા લેવાશે. ગાંધીનગર, માણસા, કલોલ, મોટેરા સહીતની જગ્યાએ ૮૪ જેટલા કેન્દ્રોમાં પરીક્ષાની કાર્યવાહી હાથ ધરાશે. ગૌણ સેવા પસંદગી મંડળ આયોજિત કારકુનની ભરતીની આ પરીક્ષામાં જિલ્લાભરમાંથી અંદાજિત ૩૦૫૭૦ જેટલા ઉમેદવારો કારકુન માટેની પરીક્ષા આપશે.

## મેપિંગ આરંભાયું

● અનુસંધાન પહેલાનું ચાલુ

ચાલનાર છે. પુરવઠા તંત્ર દ્વારા તમામ તાલુકામાં આ માટે કુલ ૧૦૦ ટીમ કાર્યરત થયેલ છે. ડેટા એન્ટ્રી માટે તૈયાર કરાયેલા સોફ્ટવેરમાં જે તે કુટુંબની રેશનકાર્ડ, ચૂંટણી કાર્ડ, આધારકાર્ડ, ગેસ કનેકશન, મોબાઈલ નંબર, બેંક ખાતાની માહિતી, નરેગા કાર્ડ, બીપીએલ યાદી નંબર વિગેરે જેવી માહિતીની એન્ટ્રી કરાશે અને ઈમેજ અપલોડ કરાશે. જેનાથી રેશનકાર્ડ સાથે તમામ માહિતીનું જોડાણ થશે. બેંક ખાતાને પણ સાંકળી લેવામાં આવશે.

અન્ન અને ના.પુ. વિભાગે રાજય વ્યાપી શરુ કરેલ મેપિંગ ઝુંબેશ અનેક રીતે ઉપયોગી બનશે. કુટુંબની નવી ઓળખ થશે. બેંકમાં સબસીડી જમા થશે. સરકારની વિવિધ યોજનાની સર્વગ્રાહી સમીક્ષા થઈ યોગ્ય પત્રને લાભ મળશે અને મેપીંગ થતાં ખોટા નામો ન રહી અંતે હક્કદારને સાચો હક મળશે.

## પાશવી કૃત્ય

● અનુસંધાન પહેલાનું ચાલુ

**અને બોંબ બ્લાસ્ટ કરતા અંધાધૂંધ ગોળીબાર શરૂ કરી દીધો હતો. જ્યારે હુમલો કરવામાં આવ્યો ત્યારે એક હજારથી પણ વધુ વિદ્યાર્થીઓ અને શિક્ષકો હતા. સવારે ૧૧ વાગ્યાની આસપાસ જે સમયે આ હુમલો કરવામાં આવ્યો ત્યારે હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ હતા. તમામ ઘાયલ થયેલા વિદ્યાર્થીઓ અને ટિચરોને રેડી રિડિંગ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. સુરક્ષિત બચી ગયેલા વિદ્યાર્થીઓએ કહ્યું હતું કે, જ્યારે ગોળીબાર કરવામાં આવ્યો ત્યારે ચોથા પિરિયડમાં અભ્યાસની કામગીરી ચાલી રહી હતી. સેનાના જવાનોએ તરત જ મોરચા સંભાળી લઇને ઓપરેશન હાથ ધર્યું હતું. છ આતંકવાદીઓ પાછલા બારણેથી ઘુસી ગયા હતા. કાળા વસ્ત્રોમાં ત્રાસવાદીઓ છુપાયેલા હતા. આશરે એક કલાક સુધી મોતનું તાંડવ સર્જાયા બાદ સેનાના જવાનો ઓપરેશનમાં જોડાઈ ગયા હતા. અનેક વિદ્યાર્થીઓને તેમના રુમમાં જઇને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા હતા. ઘણા બધા બ્લાસ્ટ પણ કરવામાં આવ્યા હતા. જો કે, તમામ ત્રાસવાદીઓને અંતે મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. સેનાના વડાએ માહિતી આપતા કહ્યું છે કે, તમામ ત્રાસવાદીઓને હવે ઠાર મારી દેવાયા છે. તાલિબાની આત્મઘાતી બોંબરો હતા. માર્યા ગયેલાઓમાં તમામ બાળકો હોવાનું જાણવા મળ્યું છે. ઇજાગ્રસ્તોની સંખ્યા પણ ખુબ મોટી છે. પાકિસ્તાની જુદી જુદી રાજકીય પાર્ટીઓએ આ હુમલાને કઠોર શબ્દોમાં વખોડી કાઢીને આની નિંદા કરી છે.**